જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી,(વિ.જા.)ની
કચેરીઓમાં ટેલીફોન જોડાણ મંજૂર કરવા બાબત.

---

કરકસરના પ્રતિબંધમાંથી મુકિત અંગે..

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
( સમાજ કલ્યાણ પ્રબાગ )
ઠરાવ ક્રમાંક:-સશપ / ૧૫૯૫ / ૪૮ / અ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૫-૧-૧૯૬૬.

વંચાણમાં લીધો :- (૧) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯/૧૨/૬૪નો પત્ર નંબર:-વિજાક/રેકર્ડ/૬૪-૬૫/૮૪૩.

ઠ રા વ : -

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની જીલ્લા ચપાજ કલ્યાણ અધિકારી,(વિ.જા.),નડિયાદ, જી.ખેડા અને જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી,(વિ.જા.),ગોધરા, જી.પંચમહાલની કચેરીઓમાં ટેલીફોન જોડાણ નથી. વિકસતિ જાતિઓ, આર્થિક રીતે પછાત વર્ગો તથા લઘુમતિઓની યોજનાકીય વિશાળ કામગીરી ધ્યાનમાં લેતાં આ બન્ને કચેરીઓમાં ટેલીફોન જોડાણ હોવાં અનિવાર્ય છે. આથી વંચાણમાં લીધેલ, નિયામકશ્રીના તા.૨૯-૧૨-૬૪ના પત્રમાં દર્શાવેલ વિગતો ધ્યાનમાં લઈ આ બન્ને કચેરીઓમાં ટેલીફોન જોડાણ માટે રૂ.૨૫,૦૦૦/-(રૂપિયા પચીસ હજાર પુરા)નો ખર્ચ કરવા(પ્રત્યેક કચેરીમાં એક ટેલીફોન જોડાણ માટે રૂ.૧૨,૫૦૦/-) આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. ઉપરોકત મંજૂરીને કારણે થનાર રૂ.૨૫,૦૦૦/-નો ખર્ચ કરવા માટે રાજય સરકારના હાલના કરકસરના પ્રતિબંધમાંથી પણ મુકિત આપવામાં આવે છે.

...૨....

૩. ઉપરોકત બન્ને જીલ્લા કચેરીઓને એસ.ટી.ડી.સવલત સિવાયના ટેલીફોન જોડાણ મંજૂર કરવામાં આવે છે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૬-''સદર-૨૨૨૫,અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ,૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ૦૦૧,નિર્દેશ અને વહીવટ, બીસીકે-૧૧૯,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના વહીવટીતંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું''હેઠળ ઉધારવો અને તે હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨-૬-૯૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી.એમ.વર્મા )
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ,ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,(વિ.જા.),નડિયાદ,જી.ખેડા.
- જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.),ગોધરા,જી.પંચમહાલ.
- નાણાં વિભાગ, ઝ-૧ શાખા, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ,રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારી,ગાંધીનગર.
- તિજોરી અધિકારી, નડિયાદ, જી.ખેડા.
- **તિજોરી અધિકારી, ગોધરા, જી.પંચમહાલ.**
- સીલેકટ ફાઈલ.